# સંખેડાના બહાદરપુર પાસે ઓરસંગના પટમાં ગેરકાયદે રેતી ખનન મુદ્દે લોકોમાં રોષ

સંખેડા,

સંખેડા તાલુકાના બહાદરપુર પાસે મહાદેવ મંદિર નજીક નદીના પટમાં વ્યાપક પ્રમાણમાં ગેરકાયદેસર રેતી ખનન થઇ રહ્યું છે. ટ્રેક્ટરો મારફતે રેતી ખોદાતી હોવાનો ગ્રામજનો દ્વારા આક્ષેપ કરાયો છે. ગ્રામજનોની રજૂઆતને પગલે ખાણ ખનીજ ખાતાના કર્મચારીઓ તપાસ અર્થે દોડી ગયા હતા.

ખાણ ખનિજ ખાતાના કર્મચારીઓએ જણાવ્યું છે કે, જો કોઇ ગેરકાયદેસર ખોદકામ કરતાં ઝડપાય તો કાર્યવાહી કરાશે. સંખેડા તાલુકાના બહાદરપુર ગામ પાસેથી ઓરસંગ નદી પસાર થાય છે. અહીં પસાર થતી ઓરસંગ નદીના કિનારાના વિસ્તારમાં ઘણા સમયથી રેતીના થર પથરાયેલા છે.

આ રેતીના થર ઉપર રેતી માફીઓનો ડોળો હતો. અહીંયા કિનારા પાસે મહાદેવજીનું પ્રાચીન મંદિર આવેલું છે. મંદિર પાસે પગથિયાં ઉતરતાં જ રેતી ખનન થયેલું છે. આ ઉપરાંત અહીંયા આવેલી રેતીની લીઝ તેમજ સ્ટોક બાબતે પણ ઘણા સમયથી ચર્ચાઓ છે.

રવિવારે સાંજે અહીં ગેરકાયદેસર થયેલા રેતી ખનન મામલે સ્થાનિકોમાં રોષ ફેલાયો હતો. ગેરકાયદેસર રેતીખનનને કારણે ભવિષ્યમાં કિનારાના વિસ્તારમાં ધોવાણ વધવાની શક્યતાને લઈને ગ્રામજનોમાં વ્યાપક રોષ ફેલાયો હતો.

ગ્રામજનો દ્વારા ખાણ ખનીજ ખાતાના કર્મચારીઓને જાણ કરાતાં અત્રે ખાણ ખનીજ ખાતાના કર્મચારીઓ દોડી આવ્યા હતા અને કિનારાના વિસ્તારમાં એકત્ર થયેલા સ્થાનિકોની રજૂઆતો સાંભળી હતી.

> ગેરકાયદે રેતીખનન થાય તો ખાણખનીજનાકર્મીઓના પગારમાંથી સરકાર વસૂલાત કરે અગાઉ ત્રણ વખત ફરિયાદ કરી હતી. પણ કોઈ પગલાં ન ભરાતાં અમે સૌએ ભેગા થઈખાણખનિજ ખાતાને જાણ કરી હતી. અમારી તો એવી માંગ છે કે, ભવિષ્યમાં અહીંયાગેરકાયદેસર રેતીનું ખોદકામ ન થાય, જે ગેરકાયદેસર ખોદકામ કરનારા છે, એમનીસામે કાર્યવાહી કરવામાં આવે, જે ગેરકાયદેસર ખોદકામ થવાથી ખાડા પડ્યા છે, તેપૂરવામાં આવે તેમજ ભવિષ્યમાં ગેરકાયદેસર રેતીખનન થાય તો ખાણખનિજ ખાતાનાકર્મચારીઓના પગારમાંથી સરકાર વસૂલાત કરે.
> :– જીત દેસાઈ, સ્થાનિક, બહાદરપુર.–:

> ઓરસંગના પટમાં પોઈન્ટ મૂકવામાં આવ્યો ગ્રામજનોએ જાણ કરતાં બહાદરપુર ઓરસંગ નદી કિનારે પહોંચ્યા હતા. અહીંયા ગ્રામજનોનો આક્ષેપ હતો કે ટ્રેક્ટર મારફતે ગેરકાયદેસર રેતીખનન થાય છે. જેથી અહીંયા રેતી ચોરી અટકાવવા માટે એક પોઈન્ટ મૂકવામાં આવ્યો છે.
> : – સંજય નિનામા, ખાણખનિજ ખાતાના કર્મચારી–:

સ્થાનિકોની એક જ વાત હતી કે, અહીંયા ગેરકાયદેસર રેતીખનન ટ્રેક્ટર મારફતે થયેલું છે તે ઝડપવામાં આવે, કસૂરવારો સામે કાર્યવાહી કરવામાં આવે તેમજ જે રેતીનું ખોદકામ થઈ ગયું છે એ ખાડા પૂરવામાં આવે.

# મહીસાગર જીલ્લામાં ૧૦ દિવસના વિરાબ બાદ વરસાદ શરૂ થતાં ખેડૂતોએ રાહત અનુભવી

મહિસાગર,

સાગર જીલ્લામાં દસ દિવસના લાંબા વિરામ બાદ ફરી વરસાદ શરૂ થયો છે. આજે સવારથી વાતાવરણમાં પલટો આવ્યા બાદ બપોર પછી લુણાવાડા, ખાનપુર સહિત જીલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ઝરમર વરસાદ નોંધાયો હતો. આ વરસાદથી ખેડૂતોમાં રાહતની લાગણી પ્રસરી છે.

છેલ્લા દસ દિવસથી મહીસાગર જીલ્લામાં વાતાવરણ શુષ્ક હતું. વરસાદના અભાવે ખેતીના પાક પર અસર થવાની ભીતિ સેવાઈ રહી હતી, જેના કારણે ખેડૂતો ચિંતિત બન્યા હતા.

આજે સવારથી આકાશમાં વાદળો છવાયા હતા, જેના કારણે વાતાવરણમાં બદલાવ આવ્યો. બપોર બાદ શરૂ થયેલા આ ઝરમર વરસાદથી સુકાઈ રહેલા પાકને જીવતદાન મળવાની આશા જાગી છે. જોકે, જીલ્લામાં નદીઓ, તળાવો અને જળાશયોમાં હજુ પૂરતું પાણી નથી. સિંચાઈની



સમસ્યા યથાવત હોવાથી ખેડૂતો સારા અને ધોધમાર વરસાદની પ્રતીક્ષા કરી રહ્યા છે. આ ઝરમર વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે, જેનાથી લોકોને ગરમી અને ઉકળાટમાંથી પણ રાહત મળી છે.

# બાલાસિનોર શહેરમાં આડેધડ પાર્કિંગ સામે પોલીસનો સપાટો, મનમાની કરનારાઓ સામે કડક કાર્યવાહી

**જાહેર રસ્તા પર મનમાની પાર્કિંગ નહીં ચાલેબાલાસિનોર પોલીસના કડક વલણથી સ્પષ્ટ સંદેશ.**

બાલાસિનોર,

બાલાસિનોર શહેરના રાજાપુરી દરવાજાથી નગરપાલિકા, નગરપાલિકાથી સલિયાવડી દરવાજા તેમજ મેઈન બજાર વિસ્તારમાં આડેધડ પાર્કિંગ કરીને ટ્રાફિક વ્યવસ્થાને ખોરવી નાખનાર વાહનચાલકો સામે બાલાસિનોર પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે.

જાહેર રસ્તાઓને પોતાની ખાનગી પાર્કિંગ સમજીને મનફાવે ત્યાં વાહનો ઉભા કરી દેતા લોકોના કારણે બજાર વિસ્તારમાં વારંવાર ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. રાહદારીઓ અને વાહનચાલકોને રસ્તો પસાર થવામાં મુશ્કેલી પડતી હતી, જ્યારે વ્યસ્ત સમયે ટ્રાફિક જામ જેવી સ્થિતિ ઊભી થતી હતી. હવે બાલાસિનોર પોલીસ એક્શન મોડમાં આવી છે. રાજાપુરી દરવાજાથી નગરપાલિકા સુધીનો માર્ગ, નગરપાલિકાથી સલીયાવાડી દરવાજા સુધીનો વિસ્તાર અને મેઈન બજાર સહિતના વિસ્તારોમાં રસ્તો રોકીને પાર્કિંગ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

પોલીસની કાર્યવાહીથી રસ્તો અમારો, પાર્કિંગ પણ અમારૂં સમજીને મનમાની કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે. જાહેર માર્ગ પર અડચણ ઊભી કરનારાઓ સામે પોલીસની આ કાર્યવાહી સતત ચાલુ રહે અને શહેરમાં ટ્રાફિક શિસ્ત જળવાય તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

# વડોદરાની ઝાયડસ હોસ્પિટલમાં બીજી અદ્યતન કેથલેબનું લોકાર્પણ

**હવે એકસાથે બે એડવાન્સ્ડ કાર્ડિયો અને ન્યૂરો કેથલેબથી મળશે મગજ અને હૃદયની સારવારને નવો વેગ.**

વડોદરાની આરોગ્યસેવામાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સ્થાપિત કરતાં ઝાયડસ હોસ્પિટલ ખાતે બીજી અદ્યતન ન્યુરો અને કાર્ડિયો કેથલેબનું ૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ સુવિધા સાથે હવે ઝાયડસ હોસ્પિટલમાં એક જ છત હેઠળ બે અત્યાધુનિક કેથલેબ કાર્યરત બન્યા છે, જે હૃદય અને મગજ સંબંધિત ગંભીર બીમારીઓ ધરાવતા દર્દીઓને વધુ ઝડપી, ચોક્કસ અને અદ્યતન સારવાર પૂરી પાડશે.ઝાયડસની આ અદ્યતન સુવિધાનો મુખ્ય ઉદ્દેશ ન્યુરો તથા કાર્ડિયોની રક્તવાહિનીઓ સંબંધિત ગંભીર અને જટિલ પરિસ્થિતિઓમાં દર્દીઓને સમયસર નિદાન અને સારવાર ઉપલબ્ધ કરાવવાનો છે. જેમાં કાર્ડિયોલોજી, ન્યુરો–ઈન્ટરવેન્શન, ન્યુરોલોજી, ન્યુરોસર્જરી, ક્રિટિકલ કેર, ઈન્ટરવેન્શન રેડિયોલોજી અને અન્ય નિષ્ણાતોની મલ્ટિડિસિપ્લિનરી ટીમ દ્વારા દર્દીઓને વ્યાપક સંભાળ પૂરી પાડવામાં આવશે.

ખાસ કરીને હાર્ટ એટેક, કોરોનરી આર્ટરી ડિસીઝ (હૃદયની ધમનીઓમાં અવરોધ), ગંભીર બ્લોકેજ, સ્ટ્રોક તેમજ અન્ય મગજની રક્તવાહિનીઓના રોગોમાં દર્દીઓ માટે ઈન્ટરવેન્શનલ સારવારની સુવિધા વધુ સુદૃઢ બનશે.

હાર્ટ એટેક અને સ્ટ્રોક જેવી ઈમરજન્સીમાં સમયસર સારવાર દર્દીના જીવન માટે નિર્ણાયક ભૂમિકા ભજવે છે. હોસ્પિટલમાં હવે બે કેથલેબ ઉપલબ્ધ હોવાથી તાત્કાલિક તેમજ પૂર્વનિયોજીત સારવાર પ્રક્રિયાઓને વધુ અસરકારક રીતે સંચાલિત કરી શકાય છે. તેની સાથે સારવારમાં થતો વિલંબ પણ ઘટશે.દીપ પ્રાગટ્ય અને લોકાર્પણવિધિ સાથે શરૂ થયેલ આ પ્રસંગમાં મુખ્ય અતિથિ તરીકે ભૂતપૂર્વ ઈન્ડિયન ક્રિકેટર નયન મોગીયા, ઝાયડસ ગ્રુપના CEO, ઝાયડસ હોસ્પિટલના COO, કાર્ડિયોલોજીસ્ટ ડો. મહિમા છાજેર, ડો. બિપિન દાસારી, ડો. સૌરભ બિશ્વાસ,



ન્યુરોસર્જન ડો. સુરેશ નાયક, ડો. ભગવતી સાલગોત્રા તથા અન્ય પ્રતિષ્ઠિત ડોક્ટર્સ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઝાયડસ હોસ્પિટલ, વડોદરા ખાતે હવે બે અદ્યતન કેથલેબ દ્વારા વડોદરા ઉપરાંત મધ્ય ગુજરાત અને આસપાસના વિસ્તારોના દર્દીઓને એક જ સ્થળે વધુ સક્ષમ, ઝડપી અને વિશ્વસનીય સુવિધા પ્રાપ્ત થશે; જે દર્દીકેન્દ્રિત આરોગ્યસેવાને વધુ મજબૂત બનાવવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

ઝાયડસની ઉત્તમ નિદાન સેવાઓ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રોટોકોલ–આધારિત સારવારની સાથે ન્યુરો તથા કાર્ડિયો ટીમોનાં પોતાનાં કાર્ય તરફ એકાગ્રતા અને કુનેહથી હાથ ધરવાની તેમની ક્ષમતા પુરવાર કરી છે. ઝાયડ્સ મલ્ટિસ્પેશિયાલિટી તથા ઝાયડ્સ કેન્સર હોસ્પિટલના કુશળ ડોક્ટર્સ અને મેડિકલ સ્ટાફનું આ શિસ્તબદ્ધ એકીકરણ, દર્દીની ઉત્તમ સંભાળ અને વ્યવસ્થાપન માટે એક સર્વગ્રાહી અભિગમની ખાતરી આપે છે.

# મહીસાગર જીલ્લામાં "હર ઘર તિરંગા અભિયાન" અને "તિરંગા યાત્રા" ની ભવ્ય ઉજવણી સંદર્ભે કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

**લુણાવાડા કલેક્ટર કચેરીથી આઝાદ મેદાન સુધી ૧૩ ઓગસ્ટના રોજ એક ભવ્ય "તિરંગા યાત્રા" યોજાશે.**

લુણાવાડા,

આગામી ૧૫મી ઓગષ્ટ, સ્વાતંત્ર્ય દિન–૨૦૨૬ નિમિત્તે મહીસાગર જીલ્લામાં ''હર ઘર તિરંગા'' અભિયાનની શાનદાર ઉજવણી કરવા માટે આજરોજ જીલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર અર્પિત સાગરના અદયક્ષ સ્થાને એક અગત્યની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક દરમિયાન જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહ્યા હતા અને તાલુકાના તમામ અધિકારીઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

રાજ્ય સરકારની સૂચના મુજબ આગામી તા.૦૯/૦૮/૨૦૨૬ થી તા.૧૭/૦૮/૨૦૨૬ દરમિયાન સમગ્ર ગુજરાતમાં વંદે માતરમના ૧૫૦ વર્ષની થીમ આધારિત ''હર ઘર તિરંગા'' અભિયાનની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત મહીસાગર જીલ્લામાં તા. ૧૩/૦૮/૨૦૨૬ ના રોજ કલેકટર કચેરીથી આઝાદ મેદાન સુધી એક ભવ્ય ''તિરંગા યાત્રા'' યોજાનાર છે અને વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ લુણાવાડા પી એન પંડ્યા કોલેજ ખાતે યોજાશે. આ યાત્રા અને અન્ય કાર્યક્રમોના સુચારૂ આયોજન તેમજ સંચાલન માટે જીલ્લા કલેકટર દ્વારા વિવિધ અધિકારીઓને ચોક્કસ કામગીરી સુપ્રત કરવામાં આવી હતી.

આ બેઠકમાં ''તિરંગા યાત્રા'' માં પૂરતો પોલીસ બંદોબસ્ત, પોલીસ બેન્ડ અને રૂટ પર ટ્રાફિક વ્યવસ્થા જાળવવા અંગે સૂચનાઓ આપવામાં આવી હતી. યાત્રામાં NCC કેડેટ્સ, શાળા–કોલેજના વિદ્યાર્થીઓ, સામાજીક સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સખી મંડળોની વિશાળ જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે. આ ઉપરાંત, શાળા અને કોલેજ કક્ષાએ વંદે માતરમ, રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રીય એકતા અને સ્વાતંત્ર્ય સંગ્રામ આધારિત રંગોળી તેમજ ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી નિમિત્તે જીલ્લા અને તાલુકા કક્ષાએ બાઈક, સાયકલ અને ઈ–બાઈક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. યાત્રાના પ્રસ્થાન અને સમાપન સ્થળ તથા રૂટ પર પીવાના પાણીની વ્યવસ્થા તેમજ કોઈ પણ આકસ્મિક સંજોગોને પહોંચી વળવા એમ્બ્યુલન્સ અને મેડિકલ ટીમ પણ તૈનાત રાખવામાં આવશે.

કાર્યક્રમના ડિજીટલ પ્રચાર–પ્રસારના ભાગરૂપે નાગરિકોને 'હર ઘર તિરંગા' પોર્ટલ પર 'સેલ્ફી વિથ તિરંગા' અપલોડ કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે, જેમાં તિરંગો અને વંદે માતરમ ગાનનું પૂર્ણ સ્વરૂપ દ્રશ્યમાન હોય તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે. બેઠકના અંતે જીલ્લા કલેકટર દ્વારા તમામ સંબંધિત અધિકારીઓને આ હુકમ અને સોંપાયેલી કામગીરીની ચુસ્તપણે અમલવારી કરવા તાકીદ કરવામાં આવી હતી.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધાર્થ, નિવાસી અધિક કલેકટર સી.વી.લટા સહિત જીલ્લાના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## આપની આજ.......

મેષ:આજે તમે મહત્વની કોઇ યોજના શરુ કરશો. યોજના સફળતાથી પૂર્ણ થતાં એકાદ વર્ષનો લાંબો સમય લાગી શકે છે. આ સમય દરમિયાન તણાવથી દૂર રહીને કામ પર ધ્યાન આપજો.

વૃષભ: આજે તમારા જીવનમાં એક મહત્વપૂર્ણ પરિવર્તન આવી શકે છે. બની શકે છે કે એના લીધે જીવનમાં કપરો સમય આવે, પરંતુ યાદ રાખજો દરેક રાતનો દિવસ ઉગે છે.

મિથુન:આજે તમે પ્રસન્ન રહેશો. ઘર હોય કે ઓફિસ આજે દરેક સ્થળે તમે આરામદાયક અને વૈભવી વાતાવરણનો લાભ ઉઠાવશો. ધનપ્રાપ્તિથી આજે સંતોષ અનુભવશો. સંધ્યાકાળે પરિવાર અને મિત્રો માટે ઉદાર વર્તન રાખશો.

કર્ક: સહકર્મચારીઓના સહયોગથી આજે તમે કોઇ મોટુ કામ સફળતાથી પાર પાડી શકશો. આ સિવાય આજે કોઇ વરિષ્ઠ વ્યક્તિના સામેલ થવાથી લાંબા સમયથી ચાલતો પારિવારિક વિવાદનો અંત આવી શકે છે.

સિંહ: આજે આરોગ્ય બાબતે સાવચેતી રાખજો અને અનિયમિત ભોજન પર અંકુશ રાખજો. ધ્યાનમાં રાખજો કે કોઈપણ વસ્તુની અતિશિયોક્તિ નુકસાન કરી શકે છે.

કન્યા: આજે અંગત સંબંધ પ્રેમભર્યો અને સહયોગવાળો રહેશે. આરોગ્ય સારું રહેવાથી અલગ-અલગ કાર્યોમાં સક્રિયતાથી ભાગ લઈ શકશો. પાર્ટનર સાથે મળીને તમે સંસાધનો ભેગા કરવામાં સફળ રહેશો.

તુલા આજે આશાઓ પૂરી ના થતાં બેચેની રહી શકે છે. અંગત સંબંધોમાં પણ વિખવાદ ઉભો થઇ શકે છે. આજે એક વાતની સ્વીકારી લેજો કે જીવનમાં જ્યારે પણ તમને જરુર પડશે ત્યારે પારિવારિક સંબંધો મો ફેરવી લેશે.

વૃશ્ચિક:આજે ત્રિકોણીય વ્યાપારી ભાગીદારી કે સંબંધોથી લાભ મળી શકે છે, પરંતુ અંગત સંબંધોમાં ત્રિકોણીય સંબંધો તમારા જીવનમાં મુશ્કેલીઓ ઉભી કરી શકે છે.

ધન: આજે સ્વાસ્થ અને નાણાંકીય બાબતે ખાસ ધ્યાન રાખવાની જરુર છે. બીજા લોકોના કામ માટે વધારે પડતી શક્તિ કે ઉર્જાનો વ્યય ના કરશો, કારણ કે આવા લોકો એક પછી એક મદદ માંગતા જ રહેશે.

મકર: જીવનના ખરાબ અનુભવોથી શીખ લેજો. ભૂતકાળ ભૂલીને વર્તમાનમાં આગળ વધજો. આજે કામના સ્થળે અણધાર્યા ફેરફાર થવાની સંભાવના રહેલી છે. જે તમારા માટે શુભ સાબિત થઇ શક છે.

કુંભ: આજે શારીરિક કે માનસિક રીતે હેરાન હોવા છતાંય તમે જે કામ સાહસ સાથે કરશો એમાં સફળતા મેળવશો. ઓફિસ અને ઘરે સંઘર્ષનો સામનો કરવો પડી શકે છે. બપોર પછી પરિસ્થિતિઓ સુધરતી જોવા મળશે.

મીન: આજે તમારું ભાગ્ય મહત્વની ભૂમિકા ભજવશે. જીવનના તમામ ક્ષેત્રોમાં તમે પ્રગતિની દિશા પર આગળ વધશો. તમારા કામને લઈને મહત્વના નિર્ણયો અને પેમેન્ટ મળ્યા પછી વ્યવસાયમાં આગળ વધશો.

# છોટાઉદેપુર કલેક્ટરની ગાડીને બોલેરોચાલકે ટક્કર મારતા ડ્રાઈવરને ઈજાઓ ડી.એમ.નો આબાદ બચાવ

છોટા ઉદેપુર,

છોટા ઉદેપુર જીલ્લા કલેકટર ગાર્ગી જૈનની ગાડીને દેવલિયા પાસે અકસ્માત નડ્યો છે. એક બોલેરો ચાલકે તેમની ગાડીને ટક્કર મારતા આ ઘટના બની હતી. આ અકસ્માતમાં કલેકટર અને તેમના બોડીગાર્ડનો આબાદ બચાવ થયો છે, જ્યારે ગાડીના ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી છે.

કલેકટર ગાર્ગી જૈન આજે બોડેલીની નવજીવન હાઈસ્કૂલ ખાતે 'કલેકટર ઈન કલાસરૂમ' કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહ્યા હતા. દેવલિયા પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

સામેથી આવી રહેલા બોલેરો ચાલકે કલેકટરની ગાડીને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર બાદ બોલેરો ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ગાડી રસ્તાની બાજુના ખાડામાં ઉતરી ગઈ હતી.

કલેકટરની ગાડીના ડ્રાઈવર સાઈડના દરવાજાના કાચ તૂટી જતાં ડ્રાઈવરને નાની–મોટી ઈજાઓ થઈ હતી. ગાડીને પણ નોંધપાત્ર નુકસાન થયું છે. પોલીસે બોલેરો ચાલકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**

કેસ નંબરઃ– ૭૮૯/૨૦૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬

અરજદારઃ કોચરા પ્રતાપભાઈ સેનાભાઈ રહે.ઝરીબુઝર્ગ તા.ગરબાડા, જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ,તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રીકોચરા પ્રતાપભાઈ સેનાભાઈ પુત્રો નામે (૧) કોચરા કૈલેશભાઈ પ્રતાપભાઈનો જન્મ તા. ૦૫/ ૦૨/ ૨૦૦૩ ના રોજ ગામ.ઝરીબુઝર્ગ .તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે (૨) કોચરા પિન્ટુભાઈ પ્રતાપભાઈનો જન્મ તા.૦૨/૦૩/૨૦૦૫ના રોજ ગામ ઝરીબુઝર્ગ ,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રોના જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝગ,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રોના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૩૦/૦૭/૨૦૨૬ | કોર્ટનો સિક્કો | એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

સ્થળ : ગરબાડા | | મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૩૧/૨૦૨૬, તા.૦૫/૦૬/૨૦૨૬

અરજદાર– શ્રી ભુરીયા સબુરભાઇ તીતયાભાઈ, રહે.ખલતાગરબડી,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદધ

સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,ખલતાગરબડી, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જ્મ્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી ભુરીયા સબુરભાઈ તીતયાભાઈ તેમના પુત્ર નામે ભુરીયા રામુભાઈ સબુરભાઈ ની જ્મ્મ તા.૦૯/૦૮/૨૦૦૯ નારોજ મુ.ખલતાગરબડી, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રીનો જ્મ્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.ખલતાગરબડી, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રીનો જ્મ્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઇસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ–૦૬ માહે મે નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. | કોર્ટનો સિક્કો | (એન.જે.ગોમતીવાલ) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૨૦૧/૨૦૨૬ તા.૧૦/૦૮/૨૦૨૬

અરજદારઃ ભાભોર રેતલીબેન મોતીયાભાઈ રહે, મોટીખરજ, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભાભોર રેતલીબેન મોતીયાભાઈના પતિ નામે ભાભોર મોતીયાભાઈ ખુનજીભાઈનું મરણતા.૧૦/૦૮/૧૯૯૪ના રોજ મોટીખરજ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પતિના મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પતિના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૧૦ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–

કોર્ટનો સિક્કો (પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૨૩૧/૨૦૨૬ તા.૧૦/૦૮/૨૦૨૬

અરજદારઃ ઠાકોર બચુજી જકશીજીરહે. લીમડાબરા, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, લીમડાબરા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ઠાકોર બચુજી જકશીજી ના પુત્ર નામે ઠાકોર હાર્દિક બચુજીનો જન્મ તા.૩૦/૦૭/૨૦૧૧ ના રોજ લીમડાબરા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, લીમડાબરા, તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી, લીમડાબરા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૧૦ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–

કોર્ટનો સિક્કો (પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૮૯૭/૨૦૨૬ તા.૧૦/૦૮/૨૦૨૬

અરજદારઃ માવી રશીયાભાઇ ગોપાળભાઈ હે. પુંસરી, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, પુંસરી, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી માવી રશીયાભાઈ ગોપાળભાઈના પુત્રીના નામે માવી રોશનીબેન રશીયાભાઈનો જન્મ તા.૧૪/૦૧/૨૦૧૭ના રોજ પુંસરી, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, પુંસરી , તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી, પુંસરી, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૧૦માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–

કોર્ટનો સિક્કો (પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

# કાલોલ તાલુકાના સુરેલી ગામમાં સરકારી જમીનો પર ગેરકાયદે દબાણો અને ગ્રાન્ટના કામોમાં ભ્રષ્ટાચાર અંગે કલેક્ટરને રજૂઆત

કાલોલ,

કાલોલ તાલુકાના સુરેલી ગામના રહીશ અને અરજદાર પ્રવિણકુમાર દિલીપસિંહ પટેલ દ્વારા ગામમાં ચાલી રહેલી ગેરરીતિઓ, સરકારી જમીનો પરના દબાણો અને ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલા વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર અંગે કલેક્ટર સહિત ઉચ્ચ અધિકારીઓને આવેદનપત્ર આપી કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

૧. સરકારી જમીનો અને ગૌચરણ પર ગેરકાયદેસર દબાણ દૂર કરવા માંગ...

અરજદાર દ્વારા જીલ્લા કલેક્ટરને કરવામાં આવેલી અરજી મુજબ, સુરેલી ગામના સરકારી ખરાબા, ગૌચરણની જમીન, જાહેર રસ્તા, તળાવ કિનારે, સ્મશાન તથા શેરીઓમાં આવેલા જૂના પગદંડી રસ્તાઓ પર મોટા પાયે ગેરકાયદેસર દબાણો કરવામાં આવ્યા છે.

સરપંચ દ્વારા આ દબાણો દૂર કરવાની કાયદેસરની સત્તા હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અને વારંવારની રજૂઆતો છતાં જવાબદારીમાંથી છટકી રહ્યા હોવાનો આક્ષેપ કરાયો છે.

આ દબાણોના કારણે ભવિષ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વણસવાની શક્યતા હોઈ, મહેસૂલ વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ, માપણી કરી દબાણો દૂર કરવા અને દબાણકારો સામે કાયદેસરના પગલાં ભરવા માંગ કરાઈ છે.

૨. વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર અને હલકી ગુણવત્તાના આક્ષેપ...

તલાટી કમ મંત્રી તથા સંબંધિત વિભાગોને કરેલી અન્ય એક રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, છેલ્લા ૧૫ વર્ષથી સુરેલી ગ્રામ પંચાયતમાં વિવિધ ગ્રાન્ટોમાંથી થયેલા વિકાસના કામોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે.

ગામમાં થયેલા કામો અધૂરા અને હલકી ગુણવત્તાવાળા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જ્યાં સુધી જૂના કામોની સ્થળ તપાસ અને નિષ્પક્ષ તપાસ ન થાય ત્યાં સુધી કોઈ નવા કામોની મંજૂરી ન આપવા તેમજ જૂના વિવાદિત કામોના બિલ મંજૂર ન કરવા વિનંતી કરાઈ છે.

હાઈકોર્ટમાં જવાની ચીમકીઃ જો આ વિવાદિત સ્થળો પર કોઈ નવા કામો થશે કે નાણાકીય ચૂકવણું કરવામાં આવશે તો મામલો હાઈકોર્ટ સુધી લઈ જવાની ચીમકી આપવામાં આવી છે, જેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે. ૩. સરકારી જમીનોનો સર્વે અને માહિતી આપવા માંગ...

અરજદારે કલેક્ટર કચેરી પાસે સુરેલી ગામના રેકોર્ડ મુજબના તમામ સરકારી ખરાબા, ગૌચરણ અને તળાવના સર્વે નંબર તથા ક્ષેત્રફળની વિગતો માંગી છે. સાથે જ, છેલ્લા ૧૫ વર્ષ દરમિયાન દબાણો દૂર કરવા માટે ગ્રામજનો કે પંચાયત દ્વારા કરાયેલી અરજીઓ અને તેના પર તંત્ર દ્વારા લેવાયેલા પગલાંનો અહેવાલ પણ પૂરો પાડવા માંગ કરી છે.

આ સમગ્ર મામલે જીલ્લા વિકાસ અધિકારી, નાયબ કલેક્ટર, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, ગ્રામ વિકાસ કમિશનર અને ગુજરાત વિઝીલન્સ વિભાગને પણ નકલ રવાના કરીને ત્વરિત તપાસની માંગ કરવામાં આવી છે.

# પંચમહાલ જીલ્લામાં વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવતા તલાટીઓની ભૂમિકા નિષ્પક્ષ તપાસની માંગ

## ઘોઘંબા તાલુકામાં વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવતા તલાટીઓની બદલી થશે ખરી...?

ગોધરા,

પંચમહાલ જીલ્લાના વિવિધ તાલુકાઓમાં ગ્રામ પંચાયતોના વહીવટ અને વિકાસના કામોમાં ગેરરીતિના આક્ષેપો વચ્ચે હવે વર્ષોથી એક જ તાલુકામાં ફરજ બજાવતા તલાટીઓની ભૂમિકા અંગે પણ સવાલો ઉઠવા લાગ્યા છે. ખાસ કરીને ઘોઘંબા તાલુકામાં લાંબા સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા કેટલાક તલાટીઓના રેકોર્ડ અને કામગીરીની તટસ્થ તપાસ કરવાની માંગ ગ્રામજનોમાં ચર્ચાનો વિષય બની છે.

સ્થાનિક સ્તરે એવી ચર્ચા છે કે, કેટલાક તલાટીઓ છેલ્લા ૧૦થી ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી એક જ તાલુકામાં ફરજ બજાવી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ત્યારે લાંબા સમયથી એક જ વિસ્તારમાં ફરજ બજાવતા કર્મચારીઓની કામગીરીનું નિયમિત મૂલ્યાંકન અને વહીવટી તપાસ કરવામાં આવી છે કે નહીં તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

ગ્રામ પંચાયતોમાં વિકાસના કામો માટે મળતી સરકારી ગ્રાન્ટ, વિવિધ યોજનાઓ હેઠળ થતી કામગીરી, પંચાયતના હિસાબો, ઠરાવો, બિલો તથા નાણાકીય વ્યવહારોમાં તલાટીની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે. આવી સ્થિતિમાં જો કોઈ પંચાયતમાં નાણાકીય કે વહીવટી ગેરરીતિના આક્ષેપો થાય તો માત્ર સરપંચ અથવા અન્ય જવાબદાર વ્યક્તિઓની જ નહીં, પરંતુ સંબંધિત સમયગાળા દરમિયાન પંચાયતના વહીવટ સાથે સંકળાયેલા કર્મચારીઓની કામગીરીની પણ તપાસ થવી જોઈએ તેવી માંગ ઉઠી રહી છે.

વર્ષોથી એક જ તાલુકામાં ફરજ અંગે નિયમો શું કહે છે?

સરકારી કર્મચારીઓની બદલી અને પોસ્ટિંગ અંગેના નિયમો તથા વહીવટી નિર્ણયોની યોગ્યતા અંગે સવાલો ઉઠતા રહે છે. ત્યારે એક જ તાલુકામાં લાંબા સમયથી ફરજ બજાવતા કર્મચારીઓના કિસ્સામાં નિયમ મુજબ બદલીની પ્રક્રિયા થઈ છે કે નહીં, તેમના કાર્યકાળ દરમિયાન કોઈ વહીવટી ફરિયાદો નોંધાઈ છે કે નહીં અને અગાઉ કોઈ વિભાગીય તપાસ કરવામાં આવી છે કે નહીં તે અંગે સ્પષ્ટતા જરૂરી બની છે.

ગ્રામજનોનો સવાલ છે કે, જો કોઈ કર્મચારી લાંબા સમયથી એક જ વિસ્તારમાં ફરજ બજાવી રહ્યો હોય તો તેની કામગીરીનું સમયાંતરે ઓડિટ અથવા વહીવટી સમીક્ષા થવી જોઈએ કે નહીં? ખાસ કરીને કરોડો રૂપિયાના વિકાસ કામો અને સરકારી ગ્રાન્ટના ઉપયોગ અંગે સવાલો ઉઠતા હોય ત્યારે સંબંધિત તમામ જવાબદાર તંત્ર અને કર્મચારીઓની ભૂમિકા તપાસના દાયરામાં આવવી જોઈએ તેવી માંગ છે.

પંચાયતના રેકોર્ડની તપાસની માંગ સ્થાનિક લોકો દ્વારા એવી માંગ કરવામાં આવી રહી છે કે વર્ષોથી એક જ તાલુકામાં ફરજ બજાવતા તલાટીઓના કાર્યકાળ દરમિયાન થયેલા પંચાયતના નાણાકીય વ્યવહારો, વિકાસ કામોના ઠરાવો, વર્ક ઓર્ડર, બિલો, વાઉચરો, સરકારી ગ્રાન્ટનો ઉપયોગ અને યોજનાકીય કામોના રેકોર્ડની જરૂરીયાત મુજબ તટસ્થ તપાસ કરવામાં આવે.

જોકે, કોઈ ચોક્કસ તલાટી અથવા કર્મચારી સામે ગેરરીતિ સાબિત થઈ નથી અને માત્ર લાંબા સમયથી એક જ સ્થળે ફરજ બજાવવી એ પોતે ગેરરીતિનો પુરાવો નથી. પરંતુ જો કોઈ પંચાયત અથવા વિકાસ કામમાં ગેરરીતિ અંગે ફરિયાદ કે પુરાવા સામે આવે તો સંબંધિત સમયગાળામાં જવાબદારી સંભાળનાર તમામ અધિકારીઓ અને કર્મચારીઓની ભૂમિકા નિયમ મુજબ તપાસવી જરૂરી બને છે.

તપાસનો વારો ક્યારે આવશે?

ઘોઘંબા તાલુકાના ગ્રામજનોમાં હવે ચર્ચા છે કે, વર્ષોથી એક જ તાલુકામાં ફરજ બજાવતા તલાટીઓની કામગીરી અને રેકોર્ડની તપાસ ક્યારે કરવામાં આવશે? પંચાયતોમાં થતા વિકાસ કામો અને સરકારી નાણાંના ઉપયોગ અંગે જો ફરિયાદો હોય તો તેની નિષ્પક્ષ તપાસ કરી હકીકત બહાર લાવવી જરૂરી છે.

હવે જોવાનું એ રહેશે કે જીલ્લા વહીવટી તંત્ર અને સંબંધિત પંચાયત વિભાગ દ્વારા આ મુદ્દે કોઈ પ્રાથમિક તપાસ કરવામાં આવે છે કે નહીં અને લાંબા સમયથી એક જ તાલુકામાં ફરજ બજાવતા કર્મચારીઓ અંગે નિયમો મુજબ કોઈ કાર્યવાહી અથવા વહીવટી સમીક્ષા હાથ ધરાય છે કે નહીં.

# શહેરામાં સોમવારે મેઘરાજાની પધરામણી : અસહ્ય બફારા બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી



શહેરા,

શહેરામાં સોમવારના રોજ વરસાદી માહોલ જોવા મળ્યો હતો.વરસાદના કારણે વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી ગઈ હતી.શહેરા નગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સોમવારના રોજ અચાનક હવામાનમાં પલટો આવ્યો હતો અને વરસાદી માહોલ જામ્યો હતો. સવારના સમયે આકાશ કાળાડીબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું અને બપોરે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. વરસાદી માહોલને લઈને વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી ગઈ હતી, જેનાથી લોકોને અસહ્ય ગરમી અને બફારા માંથી મોટી રાહત મળી હતી. વરસાદને કારણે ખેતી પાકને ફાયદો થવાની શક્યતા સેવાઈ રહી છે. જ્યારે બજારમાં વરસાદના કારણે લોકોની અવરજવર પર બ્રેક લાગી હતી.

# ગોધરામાં લાંબા વિરામ બાદ વરસાદી માહોલ વચ્ચે વરસાદ પડતા ખેડુતોમાઃ આનંદ



ગોધરા,

શહેરમાં લાંબા વિરામ બાદ વરસાદનું આગમન થયું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા લોકોને આ વરસાદથી રાહત મળી છે. ખાસ કરીને સારા વરસાદની કાગડોળે રાહ જોઈ રહેલા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

જોકે, ખેડૂતો હજુ પણ સારો અને પૂરતો વરસાદ થાય તેવી આશા રાખી રહ્યા છે. ખેતી માટે સમયસર અને પૂરતો વરસાદ થાય તે જરૂરી છે, તેવી લાગણી ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

લાંબા વિરામ બાદ વરસેલા આ વરસાદથી શહેરી વાતાવરણ ખુશનુમા બન્યું છે. આ વરસાદથી ખેતીને પણ ફાયદો થવાની આશા ખેડૂતોમાં જાગી છે.

# વૃક્ષારોપણ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી કાલોલ સી.બી. ગર્લ્સ હાઈસ્કુલ ખાતે" એક પેડ મા કે નામ" યોજાયો



કાલોલ,

આજરોજ સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ, કાલોલ ખાતે પર્યાવરણ સંરક્ષણ અને વૃક્ષારોપણ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી "એક પેડ મા કે નામ" કાર્યક્રમ અંતર્ગત છોડ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય, શિક્ષકો તેમજ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓને વિવિધ પ્રકારના છોડનું વિતરણ કરવામાં આવ્યું તથા દરેક વિદ્યાર્થીનીને પોતાના નામે અથવા માતાના નામે એક છોડ વાવીને તેનું નિયમિત જતન કરવાની પ્રેરણા આપવામાં આવી. આ પ્રસંગે વૃક્ષોનું મહત્વ, પર્યાવરણનું સંરક્ષણ અને હરિયાળી વધારવાની જરૂરિયાત અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમથી વિદ્યાર્થીનીઓમાં પર્યાવરણ પ્રત્યે પ્રેમ અને જવાબદારીની ભાવના વિકસાવવામાં આવી. અંતે સૌએ વધુમાં વધુ વૃક્ષો વાવવાનો તથા તેનું જતન કરવાનો સંકલ્પ કર્યો.

# શ્રી સરસ્વતી વિદ્યામંદિર, કાલોલ ખાતે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ (NDD)ની સફળ ઉજવણી



કાલોલ,

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ (આઈ.સી.ડી.એસ.) તથા શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે 'સ્વસ્થ બાળક મજબૂત ભારત' ની વિભાવના સાથે આજરોજ તારીખ ૧૦ ઓગસ્ટ ૨૦૨૬, સોમવાર નારોજ 'રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ' (NDD) અંતર્ગત શ્રી સરસ્વતી વિદ્યામંદિર, કાલોલ ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું."એક નિશ્ચિત દિવસ એક સુરક્ષિત ભવિષ્ય" ના નારા સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં શાળાના તમામ વિદ્યાર્થીઓને કૃમિ મુક્ત બનાવી સ્વસ્થ, પોષિત અને શિક્ષિત કરવાના ઉદ્દેશ્યથી 'અલ્બેન્ડાઝોલ' (Albendazole)ની ગોળી ગળાવવામાં આવી હતી. આ પ્રસંગે નરેન્દ્ર મોદી વિચાર મંચના પ્રદેશ ઉપાધ્યક્ષ રાજેન્દ્રભાઈ જોશી તથા કાલોલ અર્બન હેલ્થ સેન્ટરના ઈન્ચાર્જ સુપરવાઈઝર હિંમતસિંહ સિસોદિયા ઉપસ્થિત રહ્યા હતા. બાળકોને કૃમિના સંક્રમણને રોકવા માટે લેવાના જરૂરી પાગલ અંગે વિસ્તૃત માહિતી આપવામાં હતી.

# કાલોલ પાલિકાના નિવૃત્ત પેન્શનરોના ૧૨ માસથી પેન્શન અને ૨૨ માસના મોંઘવારી ભથ્થાં બાકી : ઉકેલ ન આવતાં પ્રતિક ઉપવાસ શરૂ.




કાલોલ,

કાલોલ નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીઓની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. છેલ્લા ૧૨ મહિનાથી પેન્શન અને ૨૨ મહિનાથી મળવાપાત્ર મોંઘવારી ભથ્થું (DA) ન મળતાં રોષે ભરાયેલા ૪૬ જેટલા નિવૃત્ત પેન્શનરોએ આજે પાલિકા પ્રાંગણમાં સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી પ્રતિક ઉપવાસ પર બેસીને પોતાના હક્ક માટે વિરોધ નોંધાવ્યો છે.જૂન ૨૦૨૫થી ચાલુ જુલાઈ ૨૦૨૬ સુધીના ૧૨ માસનું પેન્શન અને ૨૨ મહિનાના મોંઘવારી ભથ્થાનો તફાવત ચૂકવવાનો બાકી છે. પાલિકાના ઈતિહાસમાં અગાઉ ક્યારેય આટલા લાંબા સમય સુધી પેન્શન બાકી રહ્યું નથી. પાલિકાની ચૂંટણી બાદ નિવૃત્ત કર્મચારીઓએ વહીવટદારો તેમજ સ્થાનિક ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ સમક્ષ અનેકવાર રજૂઆતો કરી હતી. ધારાસભ્યએ ઉકેલ લાવવાનું આશ્વાસન આપ્યું હતું, પરંતુ કોઈ પેન્શન કે ભથ્થા મળ્યા નથી.'તાલુકા સ્વાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કરાયેલી અરજીના જવાબમાં પાલિકાના ચીફ ઓફિસરે 'નિધિ યોજના'માંથી લોન મેળવવાની દરખાસ્ત કરી હોવાનું જણાવ્યું હતું. જોકે, ૩ મહિના વીત્યા પછી પણ લોન અંગે કોઈ પરિણામ આવ્યું નથી. મોંઘવારીના આ સમયમાં પેન્શન ન મળવાને કારણે વૃદ્ધ, નિસહાય અને વિધવા મહિલા પેન્શનરો સહિત તમામ ૪૬ પરિવારો આર્થિક સંકટમાં મુકાયા છે. ઘરનું ભરણપોષણ, દવા–બીમારીના ખર્ચ અને સામાજીક પ્રસંગો ઉકેલવા ભારે મુશ્કેલ બની ગયા છે.

"૧૨-૧૨ મહિનાથી પેન્શન ન મળવાને કારણે હવે તો સ્થાનિક વેપારીઓ પાસે અનાજ અને કરિયાણું પણ ઉધાર મળતું બંધ થઈ ગયું છે." નિવૃત્ત પેન્શનરોની વ્યથાતમામ રજૂઆતો અને નિષ્ફળ કવાયતો બાદ અંતે કંટાળીને નિવૃત્ત કર્મચારીઓએ પોતાના હક્કના બાકી નીકળતા ૧૨ માસના પેન્શન અને ૨૨ માસના મોંઘવારી ભથ્થાની તાત્કાલિક ચુકવણીની માંગ સાથે નગરપાલિકાના પ્રાંગણમાં પ્રતિક ઉપવાસનું શસ્ત્ર ઉગામ્યું છે. અને દરરોજ પ્રતિક ઉપવાસ ચાલુ રાખવામાં આવશો તેવું જણાવ્યું છે. પેન્શનરો ની માંગ મુજબ પેન્શન દર માસે દસ તારીખ સુધી ચૂકવી આપવું તેમજ છઠા પગાર પંચ મુજબ પેન્શન આપવું, વર્ષ ૨૦૨૧ થી ૨૬ સુધી મોંઘવારી ભથ્થું તફાવત ની રકમ ચૂકવવી જેવી મુખ્ય માંગ કરી છે.પેન્શનરોને એક મહિનાનું પેન્શન તાજેતરમાં ચૂકવ્યું છે અને બાકીના પૈસા માટે સરકારમાં નિધી લોન ની માંગણી કરી છે, જે આવે થી ચૂકવી આપીશું.: એસ.એસ.પટેલ, ચીફ ઓફિસર, કાલોલ નગરપાલિકા...

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૮૯૭/૨૦૨૬ તા.૧૦/૦૮/૨૦૨૬
અરજદારઃ ગુંડીયા કિશનભાઈ પર્વતભાઈ રહે. ખરોડ, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ખરોડ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ગુંડીયા કિશનભાઈ પર્વતભાઈના પુત્રીના નામે ગુંડીયા જયોતિ કિશનભાઈનો જન્મ તા.૨૧/૧૦/૨૦૧૪ના રોજ ખરોડ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ખરોડ, તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીનો જન્મ ના દાખલાની જરુરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી, ખરોડ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૧૦ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૧૯૯/૨૦૨૬ તા.૧૦/૦૮/૨૦૨૬
અરજદારઃ પસાયા રમુડાભાઈ કાનજીભાઈ રહે. બોરવાણી, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, બોરવાણી, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પસાયા રમુડાભાઈ કાનજીભાઈના પિતા/માતાના નામે (૧) પસાયા કાનજીભાઈ કમજીભાઈનું મરણ તા.૦૫/૦૩/૨૦૦૬ ના રોજ (૨) પસાયા ગંગલીબેન કાનજીભાઈનું મરણ તા.૦૪/૦૬/૨૦૧૮ના રોજ બોરવાણી તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પિતા/માતાનું મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, બોરવાણી,, તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પિતા/માતાનું મરણ ના દાખલાની જરુરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી, બોરવાણી, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૧૦ માંહે : ઓગસ્ટ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

